# મે. સુરતના ૬ઠ્ઠા અધીક સીવિલ જજ અને જ્યુડી. મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં

ફોજદારી કેસ નં. **CC/39892/2021**
આંક :૪

ફરીયાદી : સરકારશ્રી
વિરૂદ્ધ
આરોપી : **SHAHIKANT SHANTILAL RAVAL**

## ગુન્હો : આઈ.પી.સી. કલમ ૨૭૯ મુજબનો

૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ બનાવના સ્થળે અને સમયે સરીયામ માર્ગમા કોઈ વ્યક્તિ માટે ભય અને અંતરાય ઉભો થાય તે રીતે પોતાનું વાહન ભયજનક સ્થિતીમા મુકી ઈ.પી.કોડની કલમ– ૨૭૯ મુજબનો ગુનો કરેલ છે.

૨) આરોપી અત્રેની કોર્ટમા હાજર રહેતા તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે આરોપીએ પોતે ગુનો કબુલ કરવા માંગતા હોવાનું જાહેર કરી આંક –૨ થી પુરસીસ રજુ કરેલ, જે સંદર્ભે આંક–૩ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઈ, તે નહી માનવા માટે કોઈ કારણ નથી. જેથી આરોપીની કબુલાત ધ્યાને લઈ તેમને સજા બાબતે પુછતા જણાવેલ છે કે તેમનો આ પ્રથમ ગુનો છે અને પોતાની આ પહેલી ભુલ બદલ હળવી સજા કરવા દયાની અરજ કરેલ છે.

આમ, ઉપરોક્ત તમામ સંજોગો, ગુનાની હકીકત અને સજા જોગવાઈ જોતા ન્યાયના હીતમા આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબનો હુકમ કરૂ છું.

## –:: હુકમ ::–

આ કામના આરોપીને ક્રિ. પ્રોસી. કોડની કલમ – ૨૫૨ મુજબની ઈ.પી.કોડની કલમ – ૨૭૯ મુજબના ગુન્હા સબબ તકસીરવાર ઠરાવવામા આવે છે અને આરોપીને રૂ. ૨૦૦/– પુરાનો દંડ કરવામા આવે છે.જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન – ૩ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ હુકમ ખુલી અદાલતમાં જાહેર કરવામાં આવે છે.

તા. ૧૧/૦૯/૨૦૨૧

(એમ.એચ.વાઘેલા)
૬ઠ્ઠા અધિક સીવિલ જજ અને
જ્યુડી. મેજી. ફ. ક., સુરત